

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નોટબંધી કકળાટમાં 'કાશ્મીર' ભૂલાઈ ગયું!*
*હાજીહા કરવામાં બેન્કનું નાક છોલાઈ ગયું!*
*તુલાઈ તાકાત રિઝર્વ બેંકની, ખૂલ્લી ગઈ મુઠ્ઠી -*
*ખોટાં યશોગાન સૂણી 'એનું' પેટ ફૂલાઈ ગયું!*

હાઈકુ

*મૂકે મર્યાદા,*
*અભદ્ર ટિપ્પણીથી -*
*ભદ્ર નેતાઓ...*

*આવે છે કામ*
*પરેડ પ્રદર્શનો -*
*આપણી સેના...*

### ચિંતન

*સત્યમેવ પરં બ્રહ્મ સત્યમેવ પરં તપ ।*
*સત્યમેવ પરો યજ્ઞઃ સત્યમેવ પરં શ્રુતમ્ ॥*

ઉપરોક્ત શ્લોક સુભાષિત બોધમાંથી લેવામાં આવેલ છે.

સત્ય એ જ પરબ્રહ્મ, એ સત્ય એ જ મહાતપ, સત્ય એ જ મહાયજ્ઞ, સત્ય એ જ વેદો છે.

વિદ્વાન પંડિતો એ 'સત્ય'ને જ સાચો ધર્મ કર્યો છે. સત્યનું આચરણ એ જ કઠિન તપ છે. મુશ્કેલ માર્ગ છે. કર્મ અને આચરણમાં સત્ય પર ચાલવું એ 'અસિધારા' કહેવાય છે અસિધારા એટલે તલવારની ધાર.

સત્ય જયારે મન-વચન-કર્મથી સિદ્ધ થઈ જાય ત્યારે પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

### સુવિચાર

- ઈશ્વર મનુષ્યને ઊંડા જળમાં એટલા માટે નતી નાખતો કે તે ડૂબી જાય પરંતુ તેને પુનિત કરવા માટે નાખે છે - **અમૃતબિંદુ**
- માણસના આનંદનું રહસ્ય એ જ છે કે પોતાની શક્તિ સડવા ન દે - **એસ. ભટ્ટાચાર્ટ**
- આવશ્કતા ઉપયોગ કલાઓની જનની છે, અને વિલાસિતા લલિત કલાઓની... પહેલી બુદ્ધિથી ઉત્પન્ન થાય છે અને બીજી પ્રતિભાથી - **શોપન હોવર**
- અનુચિત વસ્તુ પામવાની આશાઓ નુકશાનની શરુઆત છે - **તરૂણ સાગરજી**
- વિરોધીઓ આપણાં છિદ્રો શોધે એ આપણી યોગ્યતા-લાયકાતની સૌ કરતાં મોટી પ્રશંસા છે - **અમૃતબિંદુ**
- કહેવાય છે કે પડોશીની મરઘી, હંસ જેવી જણાય છે - **થોમસ કાર્લાઈલ**
- આજનું ઓષધ : પાણીમાં ચાર-પાંચ લવીંગ ઉકાળી, નવશેકું પાણી પીવાથી માથાનો દુખાવો મટે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ઘર-પરિવારમાં સર્વ સભ્યોમાં ત્યાગ અને સમર્પણની ભાવના હોય તો જ સ્નેહ-સંપ સચવાઈ રહે બાકી પુત્રો-પુત્રવધુઓ મારું મારું આગવું અને તમારામાં મારો ભાગની વૃત્તિ રાખે તો વ્યર્થ-સ્વાર્થ સિવાય કંઈ જ નથી.

બંગાળના પ્રખ્યાત ન્યાયાધીશ શ્રી રામશાસ્ત્રી શિરોમણિ અને વિદ્વાન પંડિત રઘુમણિ બંને સગાભાઈ હતા. રામશાસ્ત્રીને ત્રણ પુત્રો હતા અને રઘુમતિને એક પુત્ર હતો. વય અને સમય થતાં બંને ભાઈઓએ સંમતિથી અલગ થઈ, મિલ્કતના ભાગ કરવા નક્કી કર્યુ.

મોટાભાઈ શ્રીરામે મિલ્કતના બે સરખા ભાગ કર્યા અને નાનાભાઈ રઘુને ગમે તે ભાગ લઈ લેવા કહ્યું, રઘુમણિ કહે - ભાઈ તમે વાજબી રીતે ભાગ પાડ્યા નથી. શ્રીરામને આશ્ચર્ય થયું છતાં તેમણે કહ્યું, તો, ભાઈ ભાગ તું પાડ, મને કોઈ વાંધો નથી.

રઘુમણિએ મિલ્કતના ચાર ભાગ પાડ્યા. રામે પૂછ્યું - આમ કેમ? રઘુભાઈ કહે, મોટાભાઈ તમારા ત્રણ પુત્રો છે, મારે એક એમ પુત્રો માટે ભાગ છે એ જ ન્યાયી ભાગ છે. આપણે તો બે એક જ છી ને !

# અમેરિકાની અસ્મિતા સામે પ્રશ્નાર્થો

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોલાન્ડ ટ્રમ્પે શાસનની ધુરા સંભાળતાંની સાથે જ સાત ઈસ્લામિક રાષ્ટ્રોના નાગરિકો સામે ત્રણ મહિના સુધી પ્રવેશબંદી ફરમાવીને એમને ચૂંટણી પ્રચાર દરમિયાન આતંકવાદ વિરુદ્ધ કડક પગલાં ભરવાનું વચન આપેલું તે પાળી બતાવવાનો પ્રયાસ કર્યો છે. અલબત્ત આ સાત રાષ્ટ્રોમાં આતંકવાદનું પારણું ગણાતા પાકિસ્તાનનો સમાવેશ નથી થતો, પરંતુ પાકિસ્તાનની આવનાર પ્રવાસીઓને પણ આતંકવાદીની જેમ કડક ચેકિંગમાંથી પસાર થવું પડશે એવા હુકમો જારી કરી દેવાયા છે. અમેરિકા પહેલું રાષ્ટ્ર હતું જેણે અખંડ હિંદુસ્તાનના વિભાજન પછી અસ્તિત્વમાં આવેલ નવા રાષ્ટ્ર તરીકે પાકિસ્તાનને માન્યતા આપી હતી. વળી જયારે જયારે પણ પાકિસ્તાન અને ભારત વચ્ચે યુદ્ધ થયું ત્યારે અમેરિકાએ પાકિસ્તાનની તરફેઓણ કરી હતી, એ હકીકતનો પણ રાષ્ટ્રપતિ ટ્રમ્પ નિખાલસ એકરાર કર્યો છે. પાકિસ્તાનની જેમ સાઉદી અરબ અને અફઘાનિસ્તાનના નાગરિકોને પણ અમેરિકામાં કડક પૂછપરછ પછી જ પ્રવેશ અપાશે. ઈસ્લામિક દેશોમાંથી આવનારા શરણાર્થીઓને ચાર મહિના સુધી પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે, જેનો ખુદ યુનાઈટેડ નેશન્સ તેમજ શાંતિનું નોબેલ પ્રાઈઝ મેળવનાર મુસ્લિમ યુવતી મમાલા યુસૂફઝઈએ વિરોધ કર્યો છે. અમેરિકા વિશ્વની સમર્થ મહાસત્તા તરીકે દુનિયામાં દુખિયારાનું આશ્રય સ્થાન રહ્યું છે, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પે શરણાર્થીઓ સામે પ્રતિબંધનું શસ્ત્ર ઉગામી વહેવારું અભિગમ અપનાવ્યો છે. અમેરિકા એની ઉદાર નીતિઓને કારણે સતત નુકસાન વહોરતું રહ્યું હોવાનું ટ્રમ્પનું તારણ એમના રિપબ્લિકન મતદારોને ગળે પણ ઊતરશે કે કેમ તે પ્રશ્ન છે. જો કે અમેરિકામાં વસીને ઝુકરબર્ગ જેવાઓએ એની સમૃદ્ધિ અને પ્રતિષ્ઠામાં ચાર ચાંદ જ લગાડ્યા છે, પરંતુ ટ્રમ્પ હવે બહારથી આવનારાઓ માટે દરવાજા બંધ કરવાના મૂડમાં છે. જેઓ અમેરિકાને સાચા દિલથી ચાહતા હશે, અમેરિકામાં રહી અમેરિકાનાં નાણાં અમેરિકામાં જ ખર્ચવા માગતા હસે, એમના પર ટ્રમ્પ શાસનના ચારે હાથ રહેવાના છે, પરંતુ મોદીએ આપેલ 'મેક ઈન ઈન્ડિયા' જેવું 'મેક ઈન અમેરિકા' સૂત્ર અમલી બનશે. આથી અનેક મલ્ટિનેશનલ કંપનીઓના કારોબાર પર માઠી અસર પડશે તે નક્કી છે. આઉટસોર્સિંગ બંધ થઈ જશે એટલું જ નહિં, મુસ્લિમ રાષ્ટ્રોમાંથી આવનાર અમેરિકન કંપનીઓમાં નોકરી કરતા તજજ્ઞો માટે પણ અમેરિકામાં રહેવું અઘરું બની જશે. ટ્રમ્પની આ સંકુચિત રાષ્ટ્રવાદની નીતિ સામે કેટલાક અદાલતમાં ધા નાખશે તો પણ રાષ્ટ્રપતિને મળેલી સર્વોચ્ચ સત્તા સામે એમની લડતનો કેવો અંજામ આવશે તે કલ્પી શકાય એમ છે. ટ્રમ્પનું સૂત્ર છે : 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન.' આ મુદ્દે જ તેઓ અમેરિકન મતદારો, સવિશેષ ગોરા અમેરિકનોને આકર્ષવામાં સફળ થયા હતા. દુનિયા આખીને બિનજરૂરી બોજો ઊઠાવી અમેરિકાની કેડ ભાંગી ગઈ છે, એવું તારણ મહદંશે સાચું પણ છે. ટ્રમ્પનો અભિગમ તદન વહેવારું છે. અમેરિકાને વિશ્વની સર્વોચ્ચ સૈન્ય શક્તિ તરીકે ટકાવી રાખવાનો ટ્રમ્પનો સંકલ્પ સ્વાભાવિક રીતે જ રાષ્ટ્રવાદી પ્રજાને ગમશે. ઉત્તર કોરિયા દ્વારા વારંવાર અપાતી અણુ હુમલાની ધમકી તથા રશિયા અને ચીનની વધતી જતી દખલગીરી સામે અમેરિકાને નંબર વન પોઝિશન પર ટકાવી રાખવા માટે ટ્રમ્પે સંકુચિત રાષ્ટ્રવાદનો માર્ગ અપનાવ્યો છે, જેને ઉદાર મતવાદી અમેરિકન પ્રજાનો કેટલો સહયોગ સાંપડશે એ તો સમય જ કહી શકશે. પ્રચંડ બહુમતિથી ચૂંટાયા પછી પણ પ્રજાના એક વગદાર સમુદાય અને સવિશેષ મહિલાઓ દ્વારા ટ્રમ્પ વિરુદ્ધ દેખાવો યોજાયા રહ્યા છે. અમેરિકાની લોકશાહીમાં આ પ્રકારનું પરિવર્તન એ નોંધપાત્ર છે. આવા અંતર્વિરોધ વચ્ચે ટ્રમ્પે એમના શાસનકાળ દરમિયાન અમેરિકાને પુનઃ 'મહાન રાષ્ટ્ર' બનાવવાનું છે.

# ભારતમાં પણ ઓપન જેલનો નવો અભિગમ અપનાવાશે



## કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

**ગુન્હેગારો સાથે માનવીય અભિગમ દાખવવાનો નવીન પ્રયોગ**

ગંભીર કેસોમાં સજા કાપતા કેદીઓ સાથે એવા પણ કેદીઓ હોય છે કે જેમનું જેલમાં આચરણ, વ્યવહાર સારો હોય છે. સંજોગોવશાત ગુન્હો આચરેલ હોય છે. રીઢા ગુન્હેગાર હોતા નથી. આવા કેદીને જેલમાં રહેવાને બદલે ઓપન જેલમાં રાખવામાં આવશે આવી ઓપન જેલમાં કુલર, એસી, એલસીડી ટીવી, અખબારો, મેગેજીન, ગ્રંથાલયની સુવિધાની સાથે સાથે ટેલીફોનની પણ સગવડ આપવામાં આવશે સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધી આવા કેદીઓને ઓપન જેલમાં રાખવામાં આવશે ત્યારબાદ રાત્રીના ૧૦ થી સવારે ૮ સુધી પોતપોતાની બેરેકમાં પુરવામાં આવશે. ઓપન જેલમાં રહેનાર કેદીઓ જેલના કાર્યાલયમાં તથા જેલના અન્ય વિભાગોમાં પોતાની સેવા આપી શકશે જેના બદલામાં તેમને મહેનતાણું ચુકવવામાં આવશે. પોતપોતાનો રસ અને શોખ તથા કુશળતા ધરાવતા કાર્યો કરી રોજી રોટી મેળવી શકશે. ઓપન જેલમાં રહેતા કેદીઓના આચાર વિચાર, વ્યવહાર બદલાતા તેમને જેલની બહાર જવા આવવાની છુટ છાટ પણ આપવામાં આવશે. આવા કેદીઓ સવારે ૮ થી રાત્રીના ૧૦ સુધી દિલ્હીમાં ગમે તે જગ્યાએ કામકાજ કરી શકશે રાત્રે પાછા બેરેકમાં આવી જવું પડશે.

ઓપન જેલની શરૂઆત બ્રીટનમાં ૧૯૨૨ થી ૧૯૨૭ સુધીમાં ફિઝન કમીટીના સદસ્ય સર એલેકઝેન્ડર પાર્લેર્સને કરેલ તેમણે જેલને હોસ્ટેલમાં રૂપાંતરીત કરી અભિનવ પ્રયોગ કેદીઓ ઉપર અજમાવેલ જેમાં તેમને મહત્તમ સફળતા મળતા આ પ્રયોગની પ્રસંશા સમગ્ર વિશ્વમાં કરવામાં આવેલ અને આ પ્રયોગને નવીન તથા અખતરારૂપ પ્રયોગ રૂપે વિશ્વના મોટાભાગના લોકશાહિ દેશોએ અમલમાં મુકવા સંમતી બનાવી નીતિ નિયમો ઘડેલ જે હાલના સાંપ્રત યુગમાં રીઢા કે જન્મજાત ગુન્હેગારો ના હોય પરંતુ સંજોગોવશાત ફકત એકાદ ગુન્હામાં સંડોવાયેલા હોય અને તેમનું જેલમાં આચરણ શુધ્ધ હોય તેવા કેદીઓ માટે આ પ્રયોગ પ્રથમ હાથ ધરવામાં આવી રહેલ છે.

ફિલ્મ દો આંખે બારા હાથની સ્ટ્રીટ આ પ્રયોગમાં રીપીટ થતી હોય તેવું લાગી રહ્યું છે. કેદીઓને પણ દિલ હોય છે, લાગણીઓ હોય છે તેમની ક્રુરતા અને નકારાત્મકતાને સકારાત્મક તરફ વાળી ક્રિએટીવ કામમાં જોડી ગુન્હેગારોને સાંપ્રત પ્રવાહમાં જનજીવનમાં સમાવવાની ઝુંબેશ સ્વરૂપે આ પ્રયોગ હાથ ધરવામાં આવશે. દેશની તિહાડ જેલમાં આ પ્રયોગને પ્રાથમીક રીતે સ્વીકારવામાં આવશે.

ભારતમાં સર્વ પ્રથમ આ પ્રયોગને મુંબઈની જેલમાં અપનાવી ઓપન જેલ બનાવવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં ગુન્હેગારોની અને કેદીઓની સંખ્યા સૌથી વધારે છે ત્યાં દેશની સૌથી મોટી ઓપન જેલ બનાવી છે તેને અનુસરીને તમીલનાડુ તથા આંધ્રપ્રદેશ અને કર્ણાટકની સરકારે પણ આ પ્રયોગને અપનાવવાની શરૂઆત કરી છે.

ગતિશીલ ગુજરાતમાં હજી આ પ્રયોગ હાથ ધરવામાં નથી આવ્યો પરંતુ આગામી દિવસોમાં ઓપન જેલની મંજુરી કાયદા વિભાગ દ્વારા સરકારમાં માંગવામાં આવશે અને પ્રાયોગીક ધોરણે ઓપન જેલનો પ્રયોગ શરૂ કરવામાં આવશે.

ભારતમાં ઓપન જેલની શરૂઆત ૨૦૧૩ માં કરવામાં આવી ત્યારબાદ ઓપન જેલની થીમમાં અનેક ફેરફારો તથા નિયમો બદલવામાં આવ્યા. માનવ અધિકાર પંચ તથા હુમન રાઈટ સંસ્થાના સૂચનોનો સમાવેશ કરી કેદીઓ સાથે માનવીય અભિગમ દાખવી સામાન્ય રીતે જીંદગી જીવે તથા સજા કપ્યા બાદ જનજીવનમાં યોગ્ય રીતે ગોઠવાઈ પોતાનું તથા પોતાના પરિવારનું બાકીનું જીવન સુખરૂપ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# આજકાલ સંબંધોની ફિદરત તો જુઓ, રોજ આંગળીઓના ટેરવે મળી લેવાનું...



## WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

**આજકાલ સંબંધોની ફિદરત તો જુઓ,**
**રોજ આંગળીઓના ટેરવે મળી લેવાનું...**

સવાર પડતાંની સાથે જ હાથમાં મોબાઈલ અને મોબાઈલમાં ગુડ મોર્નિંગના ઢગલો મેસેજીસ. ઉગતા સૂર્યનો પણ સુંદર ફોટો, હાથ જોડતો નમસ્કારનો પણ ફોટો અને વળી સુવાક્ય કે સુભાષિતનો પણ ફોટો. દરેક ભાવનાઓને વ્યક્ત કરતા સુવાક્યો, quotes કે shot storie (ટૂંકી વાર્તા) દરેકેદરેક લાગણીઓની અભિવ્યક્તિનું એકમાત્ર માધ્યમ એટલે મોબાઈલ અને એમાં રહેલા અવનવા મેસેજીસ તેમ જ ઈમોજીસ. આંગળીઓના ટેરવાની જ જાણે કોઈ રમત! આપણાથી સાત સમંદર પાર રહેતા મિત્રને પ્રેમ કે લાગણી વરસાવતો મેસેજ પણ મોબાઈલની જ રમત અને તેની સાથે chit-chat માં થતો ઝગડો પણ આંગળીઓની જ રમત! આમ સાવ બાલિશ લાગે તેવી આ બાબત પણ આમ કેટકેટલી ગંભીર ચર્ચાઓનું કેન્દ્રસ્થાન એવી આ આંગળીઓના ટેરવાની મોબાઈલ સાથેની રમત. મોબાઈલના આ નાનકડા એવા ઈન્સ્ટ્રુમેન્ટમાં દેશ-વિદેશની ખબરોથી માંડીને, સુવાક્યો અને ગમતા કે ન ગમતા મેસેજીસનો એક આખો મોટો કાફલો હોય છે. બર્થ ડે વીશ, એનીવર્સરી વીશ એ બધું તો પાછું ખરું જ! એમાં વળી મારા જેવા નવા-નવા લેખકોને પોતાની કૃતિઓ મૂકવાનો પણ ભારે કોડ અને આપણે સૌ જાણીએ જ છીએ કે આર્ટીકલ મૂકતાંની સાથે જ પ્રોત્સાહિત કરનાર મિત્રો બીજી જ મિનિટે 'વાહ વાહ', 'ખૂબ સુંદર'ની કોમેન્ટ પણ ટેવ પ્રમાણે કરી જ દે છે.



આજના આ યુગમાં સાચું કહેવાની, સાચું બોલવાની કે સાચું સાંભળવાની ટેવ લગભગ નહિવત્ બની ગઈ છે. દરેકને 'who cares' જેવો એટીટ્યુડ જ રાખવો ગમે છે અને કોઈ વધુ પડતો રસ દાખવો તો તેને દખલગીરી માનવામાં આવે છે. આજકાલની જનરેશન તો કોઈ જાતની શરમ રાખ્યા વિના જ ચોખ્ખુચટ સંભળાવી જ દે છે. 'None of your business' એટલે કે તમે તમારું સંભાળો! આજના આ સમયમાં સારા ટીકાકારની તાતી જરૂર વર્તાઈ રહી છે. એક સમયમાં શિલ્પી ડોનટેલોની ખ્યાતિ આખા યુરોપમાં પ્રસરી હતી. એના વતન ફલોરેન્સ શહેર કરતાં બીજા નગરોમાં ને વિદેશોમાં એની કીર્તિ વધુ ફેલાઈ હતી. એકવાર ડોનટેલોને એના કાર્ય માટે પીસા શહેરમાં રહેવાનું બન્યું. અહીં ઉત્તમ શિલ્પોની રચના કરી. તેથી એની કલા વિશે ચારેબાજુથી પ્રશંસાનો વરસાદ વરસવા લાગ્યો. એક વિખ્યાત કલા સમીક્ષકે કહ્યું, 'ડોનટેલો વિશ્વના મહાન શિલ્પીઓની હરોળમાં બિરાજે છે.' બીજો કહે, 'એની શિલ્પકૃતિઓ અદ્ભુત છે; ગમે તેટલી મહેનત કરો તોયે એમાં એક ક્ષતિ જડતી નથી.' આમ પીસામાં એને અઢળક પ્રસિદ્ધિ મળતી રહી ને વિશ્વમાં એની ખ્યાતિ પ્રસરતી રહી. પણ એક દિવસ ડોનટેલોએ પોતાના વતન ફલોરેન્સમાં પાછા ફરવાનું નક્કી કર્યુ. આ જાણીને એના ચાહકોને આઘાત થયો. ડોનટેલોનો પરમ મિત્ર એની પાસે દોડી આવ્યો અને એણે કહ્યું, 'પીસામાં તને, સંપત્તિ, સન્માન, સિદ્ધિ અને પ્રસિદ્ધિ - સઘળું સાંપડ્યું છે. તેને છોડીને પેલા બેકદર ફલોરેન્સમા રહેવા જવાનો વિચાર તને કેમ આવે છે?' ડોનટેલોએ જવાબ આપ્યો, 'અહીં મારી આટલી બધી પ્રશંસા થાય છે તે કારણે જ પીસા છોડીને હું ફલોરેન્સ જઈ રહ્યો છું. ફલોરેન્સવાસીઓ મારી કલાની આકરી ટીકા કરનારા છે. પણ એટલે જ તેઓ મને કયારેય આત્મસંતુષ્ટ કે આળસુ થવા દેતા નથી.'

આપણે કોઈ વ્યક્તિના સુંદર ફોટોગ્રાફને ફેસબુક પર કે વોટ્સએપ પર એક અંગૂઠાના નિશાન માત્રથી લાઈક કરીને આપણી ફરજ પૂરી થઈ એમ માનીએ છીએ અને મૂકનાર વ્યક્તિ પણ પોતાના like માં અભિવૃદ્ધિ થવાથી સંતુષ્ટ બની જાય છે પણ જો કયારેક કોઈ મિત્રનો ફોટો કે એના Dressingમાં કે દેખાવમાં કંઈ ન ગમતું જણાય તેને ફોન કરીને સાચેસાચું જણાવી ન શકાય? અને સામેવાળી વ્યક્તિમાં પણ એ ન ગમતું વેણ સાંભળવાની ધીરજ અને સમજણ હોય તે પણ એટલું જ જરૂરી છે. મોબાઈલ સાથેની આંગળીઓના ટેરવાની રમત એ એક ગંભીર બાબત બની ગઈ છે ત્યારે આપણામાં એટલી મૅચ્યોરીટી કેળવાય તે ખૂબ આવશ્યક છે.

દરેક સિક્કાની બે બાજુઓ હોય છે અને આ અનુસાર મોબાઈલ, વોટ્સએપ, ફેસબુક કે તમામના સકારાત્મક પાસાથી આપણે સૌ વાકેફ જ છીએ જરૂર છે માત્ર વિવેકપૂર્વક, બુદ્ધિથી અને સમજણથી આ તમામનો ઉપયોગ કરવાની. એક જણે ગુલાબ ચૂંટતા અસંતોષ વ્યક્ત કર્યો. 'આ કેવું ! આટલું સારું ફૂલ, ને તે છોડને કાંટા કેમ કર્યા?' તો કો'કે ફરિયાદ કરી : 'નારિયેળ આટલું સારું ફળ, પણ છોતરાં કેવાં કઠણ?' એના ઉત્તર રૂપે પડઘો પડે : 'એ તો એની સાથે હોય જ.' માટે જ જીવનના આ સફરમાં અનેક સંબંધોની સાથોસાથ એક સાચો ટીકાકાર કે સલાહકાર હોવો પણ અત્યંત આવશ્યક છે કે જે આપણા વ્યક્તિત્વને સતત ટાંકણા મારી મારીને ઘડ્યા કરે. એવું સાચું બોલનાર અને સાચું સાંભળનાર આખેઆખો વર્ગ અત્યારે કયાંક ગાયબ થઈ ગયો છે તો આવો, સૌ સાથે મળીને એ સમૂહને ફરીથી સજીવન કરીએ.

*Last Seen :*

*શિખરું ઊંચા ને મારગ આકરા,*
*ચડવાં ચઢાણો તસુ તસુ એકલાં...*
*લિયે એ મારગ નર કોઈ બંકડા,*
*છોડી આળ ને પંપાળ...*

**- મનસુખલાલ મ. ઝવેરી**

- nehalgadhavi101@gmail.com

# ભાજપનું એક જ લક્ષ્ય : કોઈ પણ ભોગે ઉત્તર પ્રદેશ કબજે કરો



## અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

- દેશને કોંગ્રેસમુક્ત કરવા નીકળેલી ભાજપાનું કોંગ્રેસીકરણ જ જોવા મળે છે
- મોદી સરકારે નિયુક્ત કરેલા મિઝોરમના રાજ્યપાલનું તિવારી જેવાજ કાંડમાં રાજીનામું
- પોતાને હવે છુટ્ટો આખલો કહીને અમર સિંહ રહસ્ય જાહેર કરવાની ધમકીઓ આપે છે
- મિતભાષી ડૉ. સિંહે મોદીના શાસનથી ભ્રમનિરસન થતાં એના 'અંતનો આરંભ' ગણાવ્યો

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની અગ્નિપરીક્ષાનો સમય આગામી મહિનાની પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી ગણી શકાય. વિશેષમાં તો ઉત્તર પ્રદેશ જીતવા માટે ભાજપે કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી (સપા) કે બહુજન સમાજ પાર્ટી (બસપા)ના જેટલા અસંતુષ્ટ નેતાઓ હાથ લાગ્યા એમને ભગવો ખેસ પહેરાવી દીધો. અત્યાર લગીની 'પાર્ટી વિથ અ ડિફરન્સ'નો નારો આપવાની સાથે દેશને કોંગ્રેસમુક્ત કરવા નીકળેલી ભાજપાનું કોંગ્રેસીકરણ જ જોવા મળે છે. નાયબ વડા પ્રધાન રહેલા ભાજપી સાંસદ લાલ કૃષ્ણ આડવાણીના જ વર્ષો પહેલાંના શબ્દો છે કે ભાજપાનું કોંગ્રેસીકરણ થઈ રહ્યું છે.

કોંગ્રેસ તથા અન્ય પક્ષોના 'ડાયનેસ્ટી રૂલ' (વંશવારસોના રાજકારણ)થી દેશને મુક્ત કરાવવાના સંકલ્પ સાથે નીકળેલા ભારતીય જનતા પક્ષની ચૂંટણી ટિકિટોના વિતરણ અને તેના મિત્રપક્ષોમાં પણ ડાયનેસ્ટી રૂલ ફાટફાટ થઈ રહ્યાનું અનુભવાય છે. હદ તો ત્યાં થઈ કે ૯૨ વર્ષના નારાયણ દત્ત તિવારી અને એમના જૈવિક પુત્ર તથા સુપ્રીમ કોર્ટે કાર્યવાહી અને નિર્દેશ આપ્યા પછી સ્વીકારાયેલાં પત્ની સાથે ભાજપનું ઈલુ-ઈલુ પક્ષના જૂના જોગીઓ અને સંઘના અગ્રણીઓને પણ રુચ્યું નથી. જોકે યેનકેન પ્રકારેણ સત્તાપ્રાપ્ત કરવાના સંકલ્પ સાથે આગળ વધી રહેલી ભગવી પાર્ટીની સત્તાનાં ફળ ભોગવવા આતુર સૌ મૂકપ્રેક્ષક બનવાનું વધુ પસંદ કરે છે.

આ એ જ તિવારી છે જે આંધ્રના રાજ્યપાલ હતા ત્યારે સાક્ષી ટીવી ચેનલ પર એમની યુવા કન્યાઓ સાથેની ઐયાશી ચમકતાં જ ભાજપની નેતાગીરી થકી ઉહાપોહ મચાવાયો હતો. એમણે હોદ્દેથી રાજીનામું આપવું પડ્યું હતું. ભારતના વિદેશ પ્રધાન રહેલા તિવારી ત્રણ-ત્રણ વાર ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન પણ રહ્યા અને નવગઠિત ઉત્તરાખંડ રાજ્યના પણ મુખ્ય પ્રધાન રહ્યા હતા. બ્રાહ્મણ વોટ મેળવવાના સોશિયલ ઈજનેરીની કળામાં એમની સાથેના ભાજપી સંવનનને જોઈ શકાય છે. કોઈ પણ ભોગે ઉત્તર પ્રદેશ કબજે કરવાની ભાજપી મહેચ્છા પાછળ ઉપલા ગૃહ રાજ્યસભામાં બહુમતી અંકે કરી લેવાની વેતરણ ખરી. જોકે ભાજપની મોદી સરકારે નિયુક્ત કરેલા સંઘ ગોત્રના જ વી.સન્મુગનાથને મિઝોરમના રાજ્યપાલપદેથી અસ્સલ તિવારી જેવાજ કાંડમાં રાજીનામું આપીને ભાજપ-સંઘ માટે નાલેશી સરજી છે.

માર્ચ મહિનાની શરૂઆતમાં ચૂંટણીનાં પરિણામ આવશે. ઉત્તર પ્રદેશ સૌથી મોટું રાજ્ય છે જ્યાં અત્યાર લગી સમાજવાદી પાર્ટીના સુપ્રીમો ગણાતા મુલાયમ સિંહ યાદવનાં પ્રથમ પત્નીના પુત્ર અખિલેશ યાદવ મુખ્ય પ્રધાન હતા. યાદવાસ્થળી બે પાંદડે હતી એટલે ભગવી બ્રિગેડમાં હરખનો માહોલ હતો. મુલાયમનાં બીજાં પત્ની થકીના પુત્ર પ્રતીકનાં પત્ની અપર્ણાની રાજકીય મહત્ત્વાકાંક્ષાએ ગૃહકલેશ સર્જયો. અખિલેશની પત્ની ડિમ્પલની જેમ તેણે પણ સાંસદ થવું હતું. વિધાનસભાની ટિકિટ તો આપવાનું નક્કી હતું. જોકે ભાજપના મળતિયા મનાતા ગુજરાતના જમાઈ અમર સિંહના અહેસાન તળે દબાયેલા મુલાયમ સિંહ આ ઉંમરે જેલવાસી થવામાં ડર અનુભવે છે. અમર એમને બચાવતા રહ્યા છે. સંપત્તિઓના ખટલાઓમાં સુપ્રીમ કોર્ટ અને સીબીઆઈ વચ્ચે અટવાયેલા મુલાયમ અને એમના સગા ભાઈ શિવપાલ યાદવ ઉત્તર પ્રદેશના માફિયાઓ સાથે નિકટતા ધરાવતા રહ્યા, પણ અખિલેશ એ મુદ્દે એમની સામે લડતો રહ્યો. અતીક અહેમદ જેવા બાહુબલિને પક્ષમાંથી તગેડ્યા. અમર સિંહને પણ તગેડ્યા પરંતુ ફરી ફરીને તેઓને પાછા લાવવામાં 'વિસ્મૃતિગ્રસ્ત' મુલાયમ સફળ રહ્યા હતા.

આવા સંજોગોમાં અખિલેશે નાછૂટકે પોતાના પિતરાઈ કાકા રામગોપાલ યાદવ સાથે મળીને પક્ષનું અધિવેશન બોલાવ્યું. પિતા સામે બળવો કરીને રાષ્ટ્રીય અધ્યક્ષપદ પણ લીધું અને ચૂંટણી પંચમાં પણ પિતા-પુત્ર ટકરાયા. ચૂંટણી પંચે પક્ષનું ચૂંટણીચિહન 'સાઈકલ' અખિલેશને આપવા સાથે બહુમતી સાંસદો અને ધારાસભ્યો મુલાયમથી અલગ થઈને પુત્ર અખિલેશ સાથે હોવાનું સ્વીકાર્યું. હારેલા મુલાયમે છેવટે અમરસિંહને તબીબી સારવારના નામે લંડન જવા મનાવી લીધા અને પુત્ર સમક્ષ શરણાગતિ સ્વીકારી.જોકે પાછા હડસાયેલા અમર સિંહ હવે છુટ્ટો આખલો હોવાનું પોતાને માટે કહીને વણખુલ્યાં રહસ્ય જાહેર કરવાની ધમકીઓ આપી રહ્યા છે. મુલાયમે ૩૮ ઉમેદવારોનાં નામ પુત્રને પોતાની ભલામણ સાથે મોકલ્યાં. ફરી સમાધાન થયું, પણ પક્ષ પર કબજો તો અખિલેશનો જ સ્થપાયો.

પ્રારંભિક તબક્કામાં ઉત્તર પ્રદેશની વિધાનસભા ચૂંટણીની ૪૦૩ બેઠકોની લડાઈમાં બહુજન સમાજ પાર્ટીનાં માયાવતી સૌથી આગળ હોય એવું અનુભવાતું હતું. એમની સીધી ટક્કર ભાજપ સાથે હતી. જોકે, સત્તારૂઢ સમાજવાદી પક્ષ ત્રીજા ક્રમે રહે અને કોંગ્રેસ ચોથા ક્રમે ફંગોળાઈ જાય એવો માહોલ હતો. હવે એમાં પરિવર્તન આવતું જોવા મળે છે. અખિલેશે કબજે કરેલી સમાજવાદી પાર્ટીની અકબંધ યાદવ વોટબેંક સાથે મુસ્લિમ વોટબેંક જોડવા માટે કોંગ્રેસ સાથેનું જોડાણ કરવા ઉપરાંત ચૌધરી ચરણસિંહના પુત્ર અજિતસિંહની રાષ્ટ્રીય લોકદળ વાયા કોંગ્રેસ જાટ વોટબેંકને મેળવવાના વ્યૂહ સાથે અખિલેશ આગળ વધવા માંડ્યા. સપા અને કોંગ્રેસ વચ્ચે જોડાણ થયું , પણ મુઝફ્ફરનગરનાં કોમી રમખાણોમાં મુસ્લિમ વિરુદ્ધ જાટનો માહોલ હોવાનું જોખમ અખિલેશ લેવા તૈયાર નથી. એટલે જ એમણે કોંગ્રેસ અને અજિતની પાર્ટીને સાથે મળીને નક્કી કરવાના સંકેત આપ્યા. કોંગ્રેસની બ્રાહ્મણ વોટબેંક માટે દિલ્હીના મુખ્ય પ્રધાન રહેલાં શીલા દીક્ષિતને અહીં ઉમેદવાર જાહેર કરાયાં હતાં, પણ સમાજવાદી પાર્ટીના અખિલેશની તરફેણમાં એમણે મુખ્ય પ્રધાન પદની સ્પર્ધામાંથી ખસી જવાનો નિર્ણય જાહેર કર્યો છે. સપા અને કોંગ્રેસને સાથે લાવવાનો યશ રાહુલની પ્રતિષ્ઠા બચાવવા તેમનાં બહેન પ્રિયંકા થકી થયેલા પ્રયાસોને ફાળે જાય છે. રાહુલ ગાંધી, અખિલેશ અને અજિતસિંહના પુત્ર જયંત ચૌધરીની કેમેસ્ટ્રી મળે છે.પણ જાટ વોટબેંક સાથે જોડાણ ના થયું . આ ત્રણેય શાહજાદાઓ મહાગઠબંધન કરીને ભાજપ માટે માથાનો દુઃખાવો બની શકે. આની સામે

**અનુસંધાન પાના નં. ૭ પર**